| કુલ ગુણ | 150 |
|---|---|

# TET - II

Q. Booklet No.
**92101791**
SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સુચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સુચનાઓનુ ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMRSHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ-150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C,** અને **D** પૈકી કોઇ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ Ⓑ નું વર્તુળ કાળુ (encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વ્હાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |

www.globlegujarat.in

# SPACE FOR ROUGH WORK

www.globlegujarat.in

## વિભાગ-૧

1. "માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી" એવું કહેનાર કોણ હતા ?
   - (A) ગાંધીજી
   - (B) રવિન્દ્રનાથ ટાગોર
   - (C) સ્વામી વિવેકાનંદ
   - (D) મહર્ષિ અરવિંદ

2. અભિક્રમિત અધ્યયન સાથે કોનું નામ સંકળાયેલું છે ?
   - (A) સ્કિનર
   - (B) થોર્નડાઈક
   - (C) જ્હોન ડ્યુઈ
   - (D) કોહલર

3. આંતરસૂઝ દ્વારા થતું અધ્યયન કયા મનોવૈજ્ઞાનિકે સમજાવ્યું ?
   - (A) સ્કિનર
   - (B) કોહલર
   - (C) રૂસો
   - (D) રૂડોલ્ફ

4. વિજ્ઞાન શિક્ષક પહેલા સમગ્ર શરીર, તેના વિવિધ તંત્રો, શરીરનું કાર્ય વગેરે રજૂ કરી ત્યાર પછી પાચનતંત્ર શીખવે છે. આ શિક્ષક શિક્ષણના કયા સૂત્રને અનુસરે છે ?
   - (A) સરળથી કઠિન તરફ જવું
   - (B) મૂર્ત તરફથી અમૂર્ત તરફ જવું
   - (C) પ્રત્યક્ષથી પરોક્ષ તરફ જવું
   - (D) સમગ્રથી અંશ તરફ જવું

5. કેળવણીને ત્રિધ્રુવી પ્રક્રિયા તરીકે કોણે સ્વીકારી ?
   - (A) જ્હોન ડ્યુઈ
   - (B) રોસ
   - (C) એડમ્સ
   - (D) સ્મિથ

6. "તેજસ્વી બાળકોને શીખવવામાં અને શિક્ષણમાં નબળાં બાળકોને શીખવવા ભિન્ન-ભિન્ન પદ્ધતિઓનો આશ્રય લેવો જોઈએ." અહીં કયો સિદ્ધાંત સમાયેલો છે ?
   - (A) પ્રેરણાનો
   - (B) વિષયોના અનુબંધનો
   - (C) વ્યક્તિગત તફાવતો
   - (D) જીવન સાથે અનુબંધનો

7. અભિક્રમિત અધ્યયનની ખાસ વિશેષતા કઈ છે ?
   - (A) અધ્યેતા પોતાની ગતિથી શીખે
   - (B) બધા અધ્યેતા સરખી ઝડપે શીખે
   - (C) અધ્યેતાઓ સરેરાશ ઝડપે શીખે
   - (D) બધા અધ્યેતા ઝડપથી શીખે

8. નીચે પૈકી કયું પરીબળ ધ્યાનના આંતરીક પરીબળ પૈકીનું નથી ?
   - (A) રસ કે અભિરૂચિ
   - (B) મનોવલણ
   - (C) ઉદ્દીપકનું પુનરાવર્તન
   - (D) પૂર્વાનુભવ

9. વિદ્યાર્થીઓના હસ્તાક્ષરનાં મૂલ્યાંકનમાં કયું સાધન (પદ્ધતિ) વધારે ઉપયોગી બને ?
   - (A) ચેકલિસ્ટ
   - (B) અવલોકન
   - (C) ક્રમમાપદંડ
   - (D) સ્વમૂલ્યાંકન

10. "પાઠનો આરંભ મૂર્ત પરથી થવો જોઇએ અને સમાપ્તી અમૂર્તમાં થવી જોઈએ." આ વિધાન કોનું છે ?
    - (A) રૂસો
    - (B) એલ્વિન ટોફલર
    - (C) કોહલર
    - (D) હર્બટ સ્પેન્સર

11. વિદ્યાર્થીઓમાં સહયોગની ભાવનાનો વિકાસ કેવી રીતે કરશો ?
    - (A) સહકારની ભાવનાના મહત્વ પર ચર્ચા કરશો.
    - (B) વિદ્યાર્થીઓને સર્જનાત્મક કાર્ય કરવાની જવાબદારી સોંપીને
    - (C) વિદ્યાર્થીઓને સમૂહકાર્યનો અવસર આપશો.
    - (D) પારિવારિક વાતાવરણમાં સહયોગની ભાવના વિકસિત કરવાની જવાબદારી વાલીઓને સોંપશો.

12. વારસો અને વાતાવરણ બાળકના કયા વિકાસને પ્રભાવિત કરે છે ?
    - (A) સામાજિક
    - (B) સંજ્ઞાત્મક
    - (C) સંવેગાત્મક
    - (D) આ ત્રણેય

www.globlegujarat.in

13. વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા થઈ શકે ?
(A) વર્ષના અંતે મૂલ્યાંકન (B) નિર્માણાત્મક મૂલ્યાંકન (C) વર્ષમાં બે વાર મૂલ્યાંકન (D) સતત મૂલ્યાંકન

14. બાળકોની અધ્યયન નિષ્પત્તિમાં સુધાર લાવી શકાય જો મા-બાપને........
(A) પોતાના બાળકોના અભ્યાસકાર્યના નિરીક્ષણ માટે સમજાવી શકાય.
(B) વારંવાર શિક્ષક સાથે અભ્યાસ બાબતે ચર્ચા કરવા સમજાવી શકાય.
(C)• શિક્ષણ બાબતે ચિંતા ન કરવા સમજાવી શકાય.
(D) પોતાના બાળક માટે વધારાના ટ્યૂશનની વ્યવસ્થા કરવા સમજાવી શકાય.

15. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કઈ યોજના અમલમાં મૂકાઈ ?
(A) ઉમ્મીદ યોજના
(B) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના
(C) વિદ્યા સહાયક યોજના
(D) વિદ્યાદીપ યોજના

16. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અનુસાર બાળકોનું વર્ષ દરમિયાન મૂલ્યાંકન (ગુણાંકન) કઈ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે ?
(A) ઔપચારિક મૂલ્યાંકન
(B) અનૌપચારિક મૂલ્યાંકન
(C) રચનાત્મક મૂલ્યાંકન
(D) આ ત્રણેય

17. કઈ અવસ્થાને 'જીવનની વસંત' તરીકે ઓળખવામાં આવે છે ?
(A) તરુણાવસ્થા (B) બાલ્યાવસ્થા (C) શિશુ અવસ્થા (D) પ્રૌઢાવસ્થા

18. ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા કયું સામયિક પ્રકાશિત થાય છે ?
(A) બાળવિશ્વ (B) બાળવિનોદ (C) બાલસૃષ્ટિ (D) જીવનશિક્ષણ

19. પ્રાથમિક શિક્ષણમાં કયા ધોરણમાં લેખિત પરીક્ષા લેવામાં આવે છે ?
(A) ધોરણ 1 થી 5 (B) ધોરણ 1 થી 8 (C) ધોરણ 3 થી 8 (D) ધોરણ 5 થી 8

20. સંકલિત શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય શો છે ?
(A) વિકલાંગ બાળકોનો સર્વાંગી વિકાસ થાય
(B) સામાજિક સંકલન થાય
(C) આદાન-પ્રદાનની તકો વધે
(D) ઉપરોક્ત તમામ

21. સર્વ શિક્ષા અભિયાન મિશનનો મુખ્ય હેતુ શું છે ?
(A) 6 થી 14 વર્ષની વયજૂથના તમામ બાળકોનું નામાંકન થાય.
(B) શાળામાં પ્રવેશ મેળવેલ દરેક બાળકો ધોરણ 1 થી 8 સુધીનું ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે.
(C) શાળા બહારના બાળકો વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય.
(D) ઉપરોક્ત તમામ

22. પ્રાથમિક શાળામાં બાળકોના મૂલ્યાંકન માટે કઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે ?
(A) લેખિત પરીક્ષા આધારિત
(B) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન
(C) મૌખિક અને પ્રાયોગિક મૂલ્યાંકન
(D) વિદ્યાર્થી કેન્દ્રિત સ્વઅધ્યયન મૂલ્યાંકન

23. મેથેટિક્સ પ્રકારના અભિક્રમના પ્રણેતા કોણ હતા ?
(A) ટી. એફ. ગિલ્બર્ટ (B) પેસ્ટોલોજી (C) એડગર ગેઈલ (D) થોર્નડાઈક

24. પ્રેરણાની સહજવૃત્તિનાં સિદ્ધાંતનાં પ્રણેતા કોણ છે ?
(A) ફ્રોઇડ (B) સ્કિનર (C) મેકડ્ગલ (D) વોટ્સન

www.globlegujarat.in

25. એડગર ડેલનો શિક્ષણમાં ફાળો એટલે નીચે પૈકી........

(A) અનુભવ શંકુ (B) અનુભવ ચક્ર (C) અનુભવ શિક્ષણવક્ર (D) અનુભવ વર્તુળ

26. ' સોદરી વળવી ' રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?

(A) સંતોષ થવો (B) કંટાળો આવવો (C) હેરાન થવું (D) ગુસ્સો આવવો

27. ' જુમાએ શોખ ખાતર એક પાડો પાળ્યો ' વાક્યને કર્મણિ પ્રયોગમાં ફેરવતાં કયું વાક્ય બનશે ?

(A) જુમો શોખ ખાતર એક પાડો પાળશે
(B) જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો
(C) જુમો શોખ ખાતર એક પાડો પળાવશે
(D) જુમાએ શોખ ખાતર એક પાડો પળાવ્યો

28. નીચેનામાંથી કયું લક્ષણ ' મુક્તક ' કાવ્ય સ્વરૂપનું નથી ?

(A) મુક્તક સંક્ષિપ્ત હોય છે.
(B) દૃષ્ટાંત, બોધ, નીતિ, ચિંતન વગેરે વિષય તરીકે આવે છે.
(C) વિદેશી કાવ્ય સ્વરૂપ છે.
(D) ભાષા સરળ, પ્રાસયુક્ત અને ચોટદાર છે.

29. પદ, પદો, પદસમૂહો, વાક્યો કે વાક્યખંડોને જોડવાનું કામ કરતાં પદોને શું કહે છે ?

(A) સંજ્ઞા (B) સંયોજક (C) અનુગ (D) સર્વનામ

30. વાક્યનો અર્થ પૂરો કરવા માટે જે ક્રિયાપદને કર્મ લગાડવાની જરૂર પડતી નથી તેને શું કહે છે ?

(A) દ્વિકર્મ ક્રિયાપદ (B) ગ્રાહક કર્મ (C) સકર્મક ક્રિયાપદ (D) અકર્મક ક્રિયાપદ

31. જે લોકો કચ્છમાં રહ્યા, એ સૌ કચ્છ પ્રદેશના <u>પ્રેમમાં</u> પડી ગયાં. અહીં રેખાંકિત શબ્દ કયા પ્રકારનું નામ સૂચવે છે ?

(A) દ્રવ્યવાચક (B) સમૂહવાચક (C) ક્રિયાવાચક (D) ભાવવાચક

32. " ઢોલનો ઢમઢમ અવાજ સંભળાયો ને બાળકો સૌ હાજર " વાક્યમાંથી રવાનુકારી શબ્દ પ્રયોગ શોધો.

(A) ઢોલ (B) ઢમઢમ (C) અવાજ (D) હાજર

33. હું ખોટો નથી એ કેમ સિદ્ધ કરું ? વાક્યમાં પ્રશ્નવાચક વિશેષણ ઓળખાવો.

(A) ખોટો નથી (B) કેમ (C) સિદ્ધ (D) કરું

34. સુંદર <u>અક્ષરો</u> હાથનું ઘરેણું છે. – આ વાક્યમાં રેખાંકિત શબ્દ શું સૂચવે છે ?

(A) ક્રિયાપદ (B) વિશેષણ (C) વિશેષ્ય (D) ક્રિયાવિશેષણ

35. ' પ્રાગડ ફૂટવું ' એટલે શું ?

(A) મધ્યાહ્ન થવો (B) પરોઢિયું થવું (C) સંધ્યા ખીલવી (D) મધરાતનો સમય

36. " જાહેર મિલકતની તોડફોડ કરવી તે રાષ્ટ્રીય સંપત્તિનું નુકશાન કરવા બરાબર છે. " – દ્વિરુક્ત શબ્દપ્રયોગ શોધો.

(A) મિલકત (B) તોડફોડ (C) બરાબર (D) નુકસાન

37. ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ સોનેટ કાવ્યપ્રકારની રચના કયા કવિએ કરી હતી ?

(A) લાભશંકર ઠાકર (B) ઉશનસ (C) બાલમુકુન્દ દવે (D) બળવંતરાય ઠાકોર

38. Give one word for " to go on some one's land without permission. "

(A) to trespass (B) to prosecute (C) to pass off (D) to transgress

39. The police________investigating the fraud, but haven't arrested anyone yet.

(A) is (B) was (C) are (D) were

www.globlegujarat.in

| | |
|---|---|
| 40. | My mother______coffee before I woke up.<br>(A) was making (B) makes (C) made (D) had made |
| 41. | Choose the antonym of the word ' please '<br>(A) displease (B) unplease (C) nonplease (D) not please |
| 42. | Choose the correctly spelled word.<br>(A) inconvinience (B) inconvenience (C) inconviniance (D) inconveniance |
| 43. | Last night I went out with some friends of_______.<br>(A) me (B) my (C) myself (D) mine |
| 44. | My uncle had come from Surat_____the new motorbike.<br>(A) to ride (B) will be ride (C) riding (D) was riding |
| 45. | Navaratri, ________festival is celebrated to worship Goddess Durga.<br>(A) a nine-day (B) a nine-days (C) the nine-days (D) nine-days |
| 46. | ______ crossing the road, I saw an accident.<br>(A) While (B) When (C) After (D) As soon as |
| 47. | The National Book Fair______in the newspaper, but I didn't notice.<br>(A) is advertised (B) advertised (C) was advertised (D) advertisement |
| 48. | After______her, we left for our home.<br>(A) seen (B) see (C) sawing (D) seeing |
| 49. | As soon as the sun came out, I______down on top of a high rock to dry myself.<br>(A) lay (B) lie (C) laid (D) lain |
| 50. | Vishwanathan Anand was born ________ 11th December, 1969<br>(A) at (B) in (C) on (D) with |
| 51. | નીચેનામાંથી કયા ગ્રહનું ગુરુત્વાકર્ષણબળ સૌથી વધુ છે ?<br>(A) બુધ (B) ગુરૂ (C) શુક્ર (D) શનિ |
| 52. | નીચેનામાંથી કયું અન્ય ત્રણથી જુદું પડે છે ?<br>(A) ECA (B) MKI (C) XVT (D) RQP |
| 53. | એક વર્ગમાં રમેશ કરતાં કૌશિક વધારે હોશિયાર છે. જયેશ કરતાં હસમુખ ભણવામાં થોડો નબળો છે. જયેશથી કૌશિક હોશિયાર છે. તો આમાં સૌથી વધારે હોશિયાર કોણ ?<br>(A) રમેશ (B) કૌશિક (C) જયેશ (D) હસમુખ |
| 54. | યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. 25, 40, ........, 121, 169<br>(A) 64 (B) 72 (C) 81 (D) 73 |
| 55. | SCE મૂલ્યાંકન પદ્ધતિ અંતર્ગત પ્રત્યક્ષ ગ્રેડિંગ કયા ધોરણમાં અનુસરાય છે ?<br>(A) ધો.1 તથા ધો.2 (B) ધો.3 તથા ધો.5 (C) ધો.6 તથા ધો.8 (D) ધો.1 તથા ધો.8 |

www.globlegujarat.in

56. ભારત સરકાર દ્વારા શરૂ થયેલ સાક્ષરતા કાર્યક્રમોને તેના શરૂ થયાના ક્રમમાં ગોઠવો.

1. અનુસાક્ષરતા કાર્યક્રમ, 2. પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ, 3. સંપૂર્ણ સાક્ષરતા અભિયાન, 4. સાક્ષર ભારત

(A) 2-3-1-4 (B) 2-1-3-4 (C) 3-1-2-4 (D) 3-2-1-4


57. પ્રજ્ઞા અભિગમથી થતા શિક્ષણ કાર્યમાં 'છાબડી' એ શાની ઓળખ છે ?



(A) છાબડી અધ્યયન જૂથમાં બેસવા માટેની ઓળખ છે.



(B) અભ્યાસ કાર્ડ રાખવા માટેની ટ્રેની ઓળખ છે.

(C) અર્લીરીડર રાખવા માટેની જગ્યાની ઓળખ છે.

(D) લેડર રાખવા માટેની જગ્યાની ઓળખ છે.

58.  અહીં ચોથી આકૃતિ કઇ આવશે ?

(A)  (C) 

(B)  (D) 

59. જો + એટલે x ; − એટલે + ; x એટલે − અને + એટલે + હોય તો 20 + 40 − 8 x 5 + 3 = .........

(A) 10 (B) 18 (C) 20 (D) 60

60. સમસંબંધને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો. ક્રિકેટ : ગુગલી :: ખોખો :: ?

(A) ડૂક (B) ઠુક (C) બોનસ (D) ડ્યુસ

61. કોઈપણ સ્થળના સાચા અક્ષાંશ અને રેખાંશ જાણવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) ટેલિસ્કોપ (B) ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (C) અલ્ટીમીટર (D) સ્પેક્ટ્રોફોટોમીટર

62. નીચેનામાંથી ઉડી શકતું હોય તેવું સસ્તન પ્રાણી કયું છે ?

(A) છીંછરાડ (B) સારસ (C) ડુગોંગ (D) વાગોળ (ચામાચીડિયું)

63. શાળા શિક્ષણના અભ્યાસક્રમનું માળખું NCF તરીકે ઓળખાય છે. તો તાલીમી કોલેજના અભ્યાસક્રમનું માળખું કયા નામે ઓળખાય છે ?

(A) NCFTE (B) NCTE (C) NCERT (D) NCF B.Ed.

64. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ફાઈનલ ડ્રાફ્ટ તૈયાર કરવા માટે તાજેતરમાં રચાયેલ સમિતિના અધ્યક્ષ કોણ છે ?

(A) કે. કસ્તુરી રંગન (B) સુધીર માંકડ (C) પ્રો.મંજુલ ભાર્ગવ (D) કે.જે. આલ્ફોન્સ

65. સૂર્યમુખીના છોડમાં પ્રકાશને લીધે થતી હલન - ચલનને શું કહેવાય છે ?

(A) ફોટોનેસ્ટી (B) થર્મોનેસ્ટી (C) સિસ્મોનેસ્ટી (D) ટ્રોપિઝમ

66. નીચેનામાંથી કયો દેશ યુ.એન.ની સલામતી સમિતિમાં કાયમી સભ્ય નથી ?

(A) જાપાન (B) ચીન (C) બ્રિટન (D) રશિયા

67. દરેક બાળકને પોતાની શીખવાની ગતિ અને ક્ષમતા મુજબ ભણવાની તક શામાં મળે છે ?

(A) પ્રજ્ઞા અભિગમમાં (B) એડેપ્ટ્સ કાર્યક્રમમાં (C) બાલા પ્રોજેક્ટમાં (D) સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટમાં

www.globlegujarat.in

68. Topology એ....

(A) હવામાનમાં થતા ફેરફારનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

(B) પ્રાણીના વર્તન અંગેનું વિજ્ઞાન છે.

(C) જમીનના ખાડા ટેકરાનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

(D) ધરતીકંપ સાથે સંકળાયેલી ઘટનાઓનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.

69. મિશન મંગલમ્ નો હેતુ શું છે ?

(A) ગ્રામ્ય વિસ્તારમાં શહેરી સુવિધા પૂરી પાડવી.

(B) શહેરી વિસ્તારમાં રહેતા લોકોને નિયમિત પાણી પહોંચાડવું.

(C) શહેરોને હરિયાળાં બનાવવા.

(D) ગરીબ મહિલાઓ અને પરિવારનું જીવનધોરણ ઊંચું લાવવું.

70. SEQI નું પૂરૂ નામ શું છે ?

(A) State Education Quality Index

(B) State Enhancement Quality Index

(C) School Education Quality Index

(D) School Enhancement Quality Index

71. NAS નું આયોજન કોણ કરે છે ?

(A) NUEPA (B) NCERT (C) NCTE (D) NCPCR

72. વર્લ્ડ હેરીટેજ સીટી તરીકે ઘોષિત થયેલ અમદાવાદ શહેરમાં નેશનલ મોન્યુમેન્ટ્સ કેટલાં છે ?

(A) 50 (B) 103 (C) 26 (D) 54

73. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત વાપરવામાં આવતું પત્રક-A કયું છે ?

(A) રચનાત્મક મૂલ્યાંકન પત્રક ધોરણ 3 થી 8

(B) વ્યક્તિત્વ વિકાસ પત્રક ધોરણ 3 થી 8

(C) સર્વગ્રાહી મૂલ્યાંકન પત્રક ધોરણ 1 અને 2

(D) રચનાત્મક મૂલ્યાંકન પત્રક ધોરણ 1 અને 2

74. જી.એસ.ટી. (GST) લોગો અંતર્ગત ખાલી જગ્યા પૂર્ણ કરો : એક રાષ્ટ્ર, એક કર અને એક_______

(A) બજાર (B) ધોરણ (C) વિકાસ (D) દર

75. ગુજરાત સરકારે તાજેતરમાં જ પીપીપી ધોરણે તૈયાર કરેલ અમદાવાદ ખાતેનું આધુનિક સ્પોર્ટસ અને એન્ટરટેઇમેન્ટ કોમ્પ્લેક્ષનું શું નામ છે ?

(A) ટ્રાન્સ્ટેડિયા (B) ટ્રાન્સ સ્ટેડિયમ (C) કાંકરીયા સ્ટેડિયમ (D) સરદાર સ્ટેડિયમ



www.globlegujarat.in

## વિભાગ-2 (ગણિત/વિજ્ઞાન)

76. નીચે દર્શાવેલ ક્ષાર અને તેના ઉપયોગની જોડીમાંથી કઇ જોડી ખોટી છે ?
(A) મીઠું – ખોરાકની સુકવણી (C) ધોવાનો સોડા – સખત પાણીને નરમ બનાવવા
(B) ખાવાનો સોડા-અગ્નિશામક ઉપકરણમાં (D) મીઠું – એસિડિટીની દવામાં

77. જો ખાદ્ય પદાર્થમાં કાર્બોદિત હોય તો કયા દ્રાવણનું ટીપુ ઉમેરતા જાંબુડિયો રંગ મળે છે ?
(A) આયોડિન (B) સોડિયમ હાઇડ્રોક્સાઇડ (C) કોપર સલ્ફેટ (D) સલ્ફ્યુરીક એસિડ

78. ................. માં અર્ધચંદ્રાકાર વાલ્વ હોય છે.
(A) શીરા (B) ધમની (C) કર્ણક (D) ક્ષેપક

79. નિસ્યંદન પદ્ધતિ કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે ?
(A) દરેક પદાર્થના ઉત્કલન બિંદુ સમાન હોય છે. (C) દરેક પદાર્થના ઉત્કલન બિંદુ અલગ-અલગ છે.
(B) દરેક પદાર્થના જ્વલન બિંદુ અલગ-અલગ છે. (D) દરેક પદાર્થના ગલન બિંદુ સમાન છે.

80. ચુંબક વડે આકર્ષાતી વસ્તુઓ શાની બનેલી છે ?
(A) નિકલની (B) સ્ટીલની (C) એલ્યુમિનિયમની (D) ઝીંકની

81. નીચેનામાંથી કઈ અંગિકા પાચક ઉત્સેચકો ધરાવે છે ?
(A) ગોલ્ગીકાય (B) હરિતકણ (C) લાયસોઝોમ (D) રીબોઝોમ

82. નીચેનામાંથી કયો અંતઃસ્ત્રાવ ચયાપચયની ક્રિયાઓનું નિયમન કરે છે ?
(A) થાઇરોક્સીન (B) એડ્રિનાલીન (C) ઇસ્ટ્રોજન (D) ઇન્સ્યુલીન

83. દમ/અસ્થમા જેવા રોગોથી પીડાતા દર્દીઓ માટે વપરાતા હેન્ડ પંપ (ઇન્હેલર) માં કયા રસાયણનો ઉપયોગ થાય છે ?
(A) $KMnO_4$ (B) $KClO_3$ (C) $Na_2O_2$ (D) $MnO_2$

84. હવામાં પ્રાણવાયુનુ પ્રમાણ કેટલુ હોય છે ?
(A) **78.0** ટકા (B) **21.0** ટકા (C) **0.96** ટકા (D) **0.04** ટકા

85. નીચેનામાંથી કયો સૂક્ષ્મ જીવ થીજવવાના પદાર્થ (અગાર) બનાવવામાં ઉપયોગી છે ?
(A) વાયરસ (B) ફુગ (C) પ્રજીવ (D) લીલ

86. નીચેનામાંથી કયો ગ્રહ ઉપગ્રહ ધરાવતો નથી ?
(A) બુધ (B) પૃથ્વી (C) મંગળ (D) ગુરૂ

87. સ્ત્રીમાં ફલિતાંડનું ગર્ભાશયની દિવાલમાં સ્થાપન કેટલા દિવસમાં થાય છે ?
(A) **1-2** દિવસમાં (B) **7-8** દિવસમાં (C) **14-21** દિવસમાં (D) **28-30** દિવસમાં

88. શીંગોડા નામની વનસ્પતિ નીચેનામાંથી કઇ લાક્ષણિકતા ધરાવે છે ?
(A) મૂળતંત્ર અલ્પ વિકસીત હોય છે. (C) પ્રકાંડ મજબૂત અને શાખીત હોય છે.
(B) મૂળતંત્ર સુવિકસિત હોય છે. (D) ખૂબ ઓછા પાણીમાં જીવન ટકાવી વિકાસ પામે છે.

89. પૃથ્વી પર કોઇ એક પદાર્થનું વજન **60 N** હોય તો ચંદ્ર પર તેનું વજન કેટલું હશે ?
(A) **5 N** (B) **10 N** (C) **360 N** (D) **60 N**

90. એક વસ્તુના આઠ પ્રતિબિંબ મેળવવા બે સમતલ અરીસા વચ્ચે કેટલા અંશનો ખૂણો રાખવો જોઇએ ?
(A) $0.9^\circ$ (B) $18^\circ$ (C) $27^\circ$ (D) $36^\circ$

91. નીચેનામાંથી કયા પ્રકારનો કોલસો સૌથી ઉચ્ચ કક્ષાનો છે ?
(A) લિગ્નાઇટ (B) એન્થ્રેસાઇટ (C) બિટુમીન (D) પીટ

92. નીચેનામાંથી કઈ ગ્રંથી શરીરનું તાપમાન જાળવવામાં મદદ કરે છે ?
(A) એડ્રિનલ ગ્રંથી (B) સ્નિગ્ધ ગ્રંથી (C) પ્રસ્વેદ ગ્રંથી (D) થાઇરોઇડ ગ્રંથી

www.globlegujarat.in

| | |
|---|---|
| 93. | નીચેનામાંથી કયું ભૂમિગત પ્રકાંડનું ઉદાહરણ નથી ?<br>(A) બટાકા (B) આદુ (C) ગાજર (D) સુરણ |
| 94. | <br><br>ઉપરોક્ત સ્થિતિના આધારે કઇ ઘટના બનવાની સંભાવના છે ?<br>(A) અમાસ, સૂર્યગ્રહણ (B) અમાસ, ચંદ્રગ્રહણ (C) પૂનમ, સૂર્યગ્રહણ (D) પૂનમ, ચંદ્રગ્રહણ |
| 95. | માનસી અને તારક એક અવલોકન કર્યું કે શાળાના કોઇ એક ઓરડાના લાઇટ કે પંખા બંધ હોય તો પણ બીજા રૂમમાં લાઇટ ચાલુ થઇ શકે છે. તેમના શિક્ષકે જવાબ આપ્યો કે,<br>(A) "આ શ્રેણી જોડાણ છે અને બંધ પરિપથ છે."<br>(B) "આ સમાંતર જોડાણ છે અને બંધ પરિપથ છે."<br>(C) "આ સમાંતર જોડાણ છે અને ખુલ્લો પરિપથ છે."<br>(D) "આ શ્રેણી જોડાણ છે અને ખુલ્લો પરિપથ છે." |
| 96. | પ્રકાશના અનિયમિત પરાવર્તનમાં નીચેનામાંથી કયો વિકલ્પ લાગુ પડતો નથી ?<br>(A) આપાત કિરણ અને પરાવર્તીત કિરણ સપાટી આગળ દોરેલ લંબની સામસામેની બાજુએ હોય છે.<br>(B) પરાવર્તીત કિરણો એકબીજાને સમાંતર હોય છે.<br>(C) આપાતકોણ અને પરાવર્તીતકોણનું મૂલ્ય સમાન હોય છે.<br>(D) આપાત કિરણ, પરાવર્તીત કિરણ અને સપાટીને દોરેલ લંબ એક જ સમતલમાં હોય છે. |
| 97. | સામેની આકૃતિમાં દર્શાવેલ સ્થિતિ અનુસાર કઇ નળીમાં હવા ફુંકવાથી પાણી બહાર આવશે ?<br>(A) નળી B (B) નળી C (C) નળી D (D) નળી A<br><br> |
| 98. | દહન સંદર્ભની સંકલ્પનાત્મક બાબતે રાજુ મૂંઝવણમાં છે. નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરી તેને મદદ કરો.<br>(A) ઝડપી દહનમાં ઉષ્મા ઉત્પન્ન થતી નથી માત્ર પ્રકાશ ઉત્પન્ન થાય છે.<br>(B) મંદ દહનમાં માત્ર ઉષ્મા ઉત્પન્ન થાય છે. પ્રકાશ ઉત્પન્ન થતો નથી.<br>(C) ઝડપી દહનમાં માત્ર ઉષ્મા ઉત્પન્ન થાય છે. પ્રકાશ ઉત્પન્ન થતો નથી.<br>(D) મંદ દહનમાં ઉષ્મા ઉત્પન્ન થતી નથી. માત્ર પ્રકાશ ઉત્પન્ન થાય છે. |
| 99. | કેટલા ppm થી વધારે ક્ષારવાળું પાણી પીવા માટે હાનિકારક છે.<br>(A) 101 થી 200 (B) 201 થી 400 (C) 401 થી 500 (D) 500 થી વધુ |
| 100. | "ક્વીર્જ-દ-મસ્ત્રેલ" ને વેલ્ક્રોની શોધ કરવાની પ્રેરણા જેના પરથી મળી તે "કુતરિયું લાંબુ" શું છે ?<br>(A) ઘાસનું બીજ (B) વૃક્ષનો પ્રકાર (C) ઔષધિનો પ્રકાર (D) કુતરાની પ્રજાતી |
| 101. | કયા વિટામીનની ઉણપથી યકૃતના રોગો થાય ?<br>(A) વિટામિન-E (B) વિટામિન-B (C) વિટામિન-C (D) વિટામિન-K |
| 102. | પાણીમાં પ્રકાશનો વેગ કેટલો હોય છે ?<br>(A) **3,00,000 km/sec** (B) **1,80,000 km/sec** (C) **2,25,000 km/sec** (D) **1.66 km/sec** |
| 103. | નીચેનામાંથી કઇ ઇલેક્ટ્રોન રચના સિલિકોનની છે ?<br>(A) (2, 8, 4) (B) (2, 8, 3) (C) (2, 8, 2) (D) (2, 8, 5) |

www.globlegujarat.in

104. કઇ મિશ્ર ધાતુ આકાર યાદ રાખવાનો અદભૂત ગુણધર્મ ધરાવે છે ?

(A) કાંસુ (B) સ્ટેનલેસ સ્ટીલ (C) નિટીનોલ (D) નિકલ

105. નીચેના પૈકી કયું ફળ પ્રાવર છે ?

(A) વટાણા (B) ચોળા (C) ઘઉં (D) કપાસ

106. વલ્કેનાઈઝ્ડ રબ્બરનો ઉપયોગ શેમાં થાય છે ?

(A) છાપકામના રોલર
(B) ચંપલના સોલ
(C) ખનીજતેલ પરિવહન માટેની પાઇપ
(D) કન્વેયર બેલ્ટ

107. નીચેના પૈકી કોનું ઉત્કલન બિંદુ 907° છે ?

(A) પારો (B) જસત (C) તાંબુ (D) એલ્યુમિનિયમ

108. પદાર્થોના કોહવાટથી કયો ઝેરી વાયુ ઉત્પન્ન થાય છે ?

(A) કાર્બન મોનોક્સાઇડ (B) સલ્ફર ડાયોક્સાઇડ (C) કાર્બન ડાયોક્સાઇડ (D) હાઇડ્રોજન સલ્ફાઇડ

109. ડીસેમ્બર/જાન્યુઆરી માસમાં નીચેના પૈકી કયું નક્ષત્ર બરાબર 90° ના ખૂણે ઉપર જોતા જોવા મળે છે ?

(A) કૃતિકા (B) સપ્તર્ષિ (C) શર્મિષ્ઠા (D) મૃગ

110. નીચેના પૈકી કયો રોગ પ્રોટીનની ઉણપથી થાય છે ?

(A) રિકેટસ (B) પેલાગ્રા (C) મેરેસ્મસ (D) ગોઈટર

111. અચાનક બનતી ઘટનામાં કે મુશ્કેલીના સમયમાં થતી પરિસ્થિતિમાં વ્યક્તિને સામનો કરવા તૈયાર કરતી ગ્રંથિ કઇ છે ?

(A) થાઇરોઇડ (B) સ્વાદુપિંડ (C) પિટ્યુટરી (D) એડ્રિનલ

112. તાપ વિદ્યુતમથકોમાં કયા પ્રકારનો કોલસો વપરાય છે ?

(A) પીટ કોલસો (B) એન્થ્રેસાઇટ (C) બિટુમીન (D) લિગનાઇટ

113. એમ્બરગ્રીસ નામનું પરફ્યુમ મટીરીયલ કઇ માછલીના આંતરડામાં ઉત્પન્ન થાય છે ?

(A) સ્પર્મ વ્હેલ (B) આર્કો (C) શાર્ક (D) ડોલ્ફીન

114. નીચેના પૈકી સુક્રોઝનું આણ્વીય સૂત્ર છે.

(A) $C_6H_{12}O_6$ (B) $NaHCO_3$ (C) $C_{12}H_{22}O_{11}$ (D) NaOH

115. $4x^2 + 16x +$ .......... આ બહુપદી પૂર્ણ વર્ગ બને તે માટે તેનું અંતિમ પદ કયું હશે ?

(A) 2x (B) 8x (C) 8 (D) 16

116. એક ખેતરની 400 હેક્ટર જમીન છે તેમાં વિવિધ પાક લેવામાં આવે છે. તે પૈકી 40 હેક્ટર જમીનમાં ઘઉંનો પાક લીધેલ છે. ઘઉંના પાકને વર્તુળ આલેખમાં દર્શાવવો હોય તો કેટલા અંશના ખૂણાવાળો ભાગ બતાવવો પડે ?

(A) 10° (B) 40° (C) 90° (D) 36°

117. રાજેશના પગારમાં 10 ટકા ઘટાડો કરવામાં આવ્યો. જો તેનો પગાર ફરીથી તેટલો જ કરવો હોય તો કેટલા ટકાનો વધારો કરવો પડે ?

(A) 10 ટકા (B) $11\frac{1}{9}$ ટકા (C) $10\frac{1}{9}$ ટકા (D) $11\frac{1}{5}$ ટકા

118. $\frac{(17.3 \times 17.3) - (7.3 \times 7.3)}{17.3 + 7.3}$ ની કિંમત કેટલી થાય ?

(A) 0 (B) 10 (C) 5 (D) 8

119. કાંટાવાળી ઘડિયાળમાં 6 કલાક 20 મિનિટ થાય તો બંને કાંટા વચ્ચે કેટલા માપનો ખૂણો બને ?

(A) 75° (B) 70° (C) 65° (D) 60°

120. નીચેની કઈ બાબત ચોરસને લાગુ પડે છે. પરંતુ લંબચોરસને લાગુ પડતું નથી ?

(A) વિકર્ણો એકબીજાને દુભાગે છે.
(B) વિકર્ણો એકરૂપ હોય છે.
(C) વિકર્ણો એકબીજાને કાટખૂણે દુભાગે છે.
(D) સામસામેની બાજુ એકરૂપ હોય છે.

www.globlegujarat.in

| | |
|---|---|
| 121. | નીચે પૈકી કયું વિધાન સાચું છે ?<br>(A) અભિકોણની જોડના ખૂણાના માપ સરખા હોય છે.<br>(B) રૈખિક જોડના ખૂણાના માપનો સરવાળો હંમેશા $90^{\circ}$ જ થાય.<br>(C) દરેક પૂરક કોણ રૈખિક જોડ રચે જ છે.<br>(D) આપેલ ખૂણાનો કોટિકોણ = $180^{\circ}$ – આપેલ ખૂણાનું માપ |
| 122. | 3 વડે નિઃશેષ ભાગી શકાય તેવી પ્રથમ ચાર બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?<br>(A) 15 (B) 7.5 (C) 12 (D) 5 |
| 123. | એક ટેબલની કિંમત એક ખુરશીની કિંમત કરતા બમણી છે. ચાર ખુરશી અને એક ટેબલની કુલ કિંમત ₹ 1,800/– છે. તો ખુરશીની કિંમત કઈ હશે ?<br>(A) ₹ 600 (B) ₹ 1,200 (C) ₹450 (D) ₹ 300 |
| 124. | 19,683 નું ઘનમૂળ શું થાય ?<br>(A) 27 (B) 17 (C) 37 (D) 23 |
| 125. | શાળામાં ગ્રામ સફાઇ દિન નિમિત્તે 150 બાળકોને સફાઇ કરતા 6 કલાક લાગે છે. જો 180 બાળકો જોડાય તો કેટલા સમયમાં ગ્રામ સફાઇ પૂરી થાય ?<br>(A) 5 કલાક (B) 4 કલાક (C) 3 કલાક (D) 2 કલાક |
| 126. | એક વર્તુળાકાર મેદાનનો વ્યાસ 49 મીટર છે. જો બાળક મેદાનની કિનારી પર 7 મીટર / મિનિટ ચાલે તો તેને કેટલો સમય લાગશે ?<br>(A) 44 મિનિટ (B) 49 મિનિટ (C) 7 મિનિટ (D) 22 મિનિટ |
| 127. | 576 ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી મળતી સંખ્યા પૂર્ણ ઘન બને ?<br>(A) 2 (B) 3 (C) 4 (D) 5 |
| 128. | એક ઘનના ઘનફળનો બમણી બાજુવાળા ઘનના ઘનફળ સાથેનો ગુણોત્તર.......... થાય ?<br>(A) 1 : 2 (B) 1 : 4 (C) 1 : 6 (D) 1 : 8 |
| 129. | એક પાણીની ટાંકીનો વ્યાસ 1.4 મીટર છે. તેના તળીયે લાદી બેસાડવાનો ખર્ચ દર ચોરસ મીટરના ₹ 60 હોય તો લાદી બેસાડવાની કુલ મજુરી કેટલી થશે ?<br>(A) ₹ 440 (B) ₹ 369.60 (C) ₹ 92.40 (D) ₹ 84 |
| 130. | એક સીરીઝમાં લાલ લાઇટ દર ત્રણ સેકન્ડ પછી, લીલી લાઇટ દર નવ સેકન્ડ પછી અને પીળી લાઇટ દર પંદર સેકન્ડ પછી ઝબકે (ચાલુ થઇ બંધ થાય) છે. ત્રણેયને એક સાથે શરૂ કર્યા પછી કેટલી સેકન્ડ પછી ત્રણેય લાઇટ એક સાથે જ ઝબકશે ?<br>(A) 27 સેકન્ડ (B) 30 સેકન્ડ (C) 39 સેકન્ડ (D) 45 સેકન્ડ |
| 131. | કિંમત શોધો : $\sqrt[3]{0.216} + \sqrt[3]{0.064} + \sqrt[3]{343}$<br>(A) 7.640 (B) 7.604 (C) 7.460 (D) 8.000 |
| 132. | કોઈપણ બે સંમેય સંખ્યાનો સરવાળો સંમેય સંખ્યા જ થાય છે. એ સંમેય સંખ્યાઓના સરવાળોનો કયો ગુણધર્મ દર્શાવે છે ?<br>(A) ક્રમનો ગુણધર્મ (B) જૂથનો ગુણધર્મ (C) સંવૃત્તતાનો ગુણધર્મ (D) તટસ્થ સંખ્યાનું અસ્તિત્વ |
| 133. | 64 દર્શાવવા માટે નીચે પૈકી કઇ રીત સાચી નથી ?<br>(A) $2^6$ (B) $\frac{2^{12}}{2^6}$ (C) $\frac{2^{12}}{2^7}$ (D) $(8 \times 2^3)$ |
| 134. | બે પરસ્પર લંબ રેખાઓને નીચેનામાંથી કઇ રીતે દર્શાવી ન શકાય ?<br>(A) $\ell \perp m$ (B) $\ell \perp \overleftrightarrow{CD}$ (C) $\overrightarrow{AB} \perp \overrightarrow{CD}$ (D) $\overline{AB} \perp \overline{CD}$ |

www.globlegujarat.in

135. નીચે બે વિધાનો આપેલ છે.

વિધાન-૧ : જે બે ખૂણાના માપનો સરવાળો 180° થાય તેમને એક બીજાના પૂરક કોણ કહેવાય.

વિધાન-૨ : રૈખિક જોડના ખૂણાના માપનો સરવાળો 180° થાય.

ઉપરોક્ત વિધનોના આધારે નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) દરેક રૈખિક જોડના ખૂણાઓ પૂરક કોણની જોડ રચે જ.

(B) દરેક પૂરક કોણની જોડ રૈખિક જોડના ખૂણાની જોડ રચે છે.

(C) રૈખિક જોડના ખૂણાઓમાં સામાન્ય બાજુ સિવાયની અન્ય બે બાજુઓ વિરુદ્ધ કિરણ હોય છે.

(D) પૂરક કોણની જોડમાં બે અલગ – અલગ ઉદગમ બિંદુએ રચતા અલગ-અલગ ખૂણા પણ હોય શકે.

136. સાદુ રૂપ આપો : $\frac{5}{6} + 1 - \frac{2}{3} \times \frac{3}{10} - \frac{2}{3}$

(A) $\frac{2}{3}$ (B) $\frac{4}{5}$ (C) $\frac{5}{6}$ (D) $\frac{3}{2}$

137. મનિષાબહેનની શાળામાં કુલ 150 વિદ્યાર્થીઓ 6 કલાકમાં સફાઇ કાર્ય પૂરું કરે છે. પરંતુ એક દિવસ કેટલાક વિદ્યાર્થીઓ ગેરહાજર રહેતાં આ જ કામ પૂર્ણ થતાં 10 કલાક લાગ્યા. તો શાળામાં કેટલા વિદ્યાર્થીઓ તે દિવસે ગેરહાજર રહ્યા હશે ?

(A) 50 (B) 70 (C) 60 (D) 90

138. બે બહુપદીઓનો સરવાળો $3m^2 + 7m$ તથા બાદબાકી $m^2 + m$ મળે છે તો આ બે બહુપદીઓ નીચે પૈકી કઇ હશે ?

(A) $m^2 + 3m, 2m^2 - 4m$ (C) $m^2 - 3m, 2m^2 - 4m$

(B) $m^2 + 3m, 2m^2 + 4m$ (D) $m^2 + 3m, 4m^2 + 4m$

139. પૂર્ણાંક સંખ્યાના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) ગુણાકારનું સરવાળા પર વિભાજન ન થઇ શકે.

(B) બે ધનપૂર્ણાંકનો ગુણાકાર ધનપૂર્ણાંક મળે.

(C) બે ઋણપૂર્ણાંકનો ગુણાકાર ધનપૂર્ણાંક મળે.

(D) એક ધન અને એક ઋણ પૂર્ણાંકનો ગુણાકાર ઋણપૂર્ણાંક જ મળે.

140. ચતુષ્કોણના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન સાચું નથી ?

(A) દરેક સમલંબ ચતુષ્કોણની સામસામેની બાજુની માત્ર એક જ જોડ સમાંતર હોય છે.

(B) દરેક સમબાજુ ચતુષ્કોણ સમાંતરબાજુ ચતુષ્કોણ છે.

(C) દરેક સમાંતરબાજુ ચતુષ્કોણ એ ચોરસ છે.

(D) દરેક ચોરસ એ સમાંતરબાજુ ચતુષ્કોણ છે.

141. જો $a + b = 8$ તથા $ab = 15$ હોય તો $a^3 + b^3$ ની કિંમત શોધો.

(A) 154 (B) 153 (C) 151 (D) 152

142. બે સંખ્યાઓનો સરવાળો 56 તથા નાની અને મોટી સંખ્યાનો ગુણોત્તર $\frac{3}{5}$ થાય તો તે બે સંખ્યા કઇ હોઇ શકે ?

(A) 23 અને 33 (B) 24 અને 32 (C) 21 અને 35 (D) 22 અને 34

143. આપેલ વિધાન માટે કયો વિકલ્પ લાગુ પડતો નથી ? "ખૂણાનો દ્વિભાજક એ................"

(A) એક રેખા હોય છે. (C) ખૂણાની અંદરના ભાગમાં હોય છે.

(B) એક કિરણ હોય છે. (D) ખૂણાને બે સરખા ભાગમાં વહેંચે છે.

144. નીચેનામાંથી ક્યા પ્રકારના ખૂણાઓની જોડના માપનો સરવાળો 180° થાય ?

(A) યુગ્મકોણ (B) અભિકોણ (C) અંતઃકોણો (D) અનુકોણ

www.globlegujarat.in

| | |
|---|---|
| 145. | નીચેનામાંથી કઇ સંખ્યાનો લ.સા.અ. 100 અને ગુ.સા.અ. 1 છે ?<br>(A) 50, 2 (B) 4, 25 (C) 10, 10 (D) 20, 5 |
| 146. | ત્રણ વર્ષ પહેલા નિરવ, નિહાર અને મિહિરની ઉંમરનો સરવાળો $x$ વર્ષ હતો. તો ત્રણ વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો કેટલો થશે ?<br>(A) $x + 18$ (B) $x + 9$ (C) $3x + 3$ (D) $x + 3$ |
| 147. | $\Delta PQR$ માં નીચેના પૈકી કયા માપનો ત્રિકોણ રચી શકાશે નહિ ?<br>(A) PQ = 6 cm, QR = 7 cm, PR = 5 cm<br>(B) PQ = 4 cm, QR = 6 cm, PR = 7 cm<br>(C) PQ = 3.5 cm, QR = 3 cm, PR = 8 cm<br>(D) PQ = 3.5 cm, QR = 5.5 cm, PR = 7.2 cm |
| 148. | એક મીટર પનાના ચાર મીટર લાંબા કાપડમાંથી 2500 ચો.સેમી. ના કેટલા રૂમાલ બનશે ?<br>(A) 10 (B) 8 (C) 16 (D) 12 |
| 149. | નીચેનામાંથી કયો અપૂર્ણાંક સૌથી નાનો છે ?<br>(A) $\frac{3}{7}$ (B) $\frac{4}{7}$ (C) $\frac{7}{5}$ (D) $\frac{8}{7}$ |
| 150. | લઘુકોણ ત્રિકોણમાં કેટલા ખૂણા લઘુકોણ હોય છે ?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) એકેય નહિ |

www.globlegujarat.in

SPACE FOR ROUGH WORK

www.globlegujarat.in

Q. Booklet No.
92101791
SEAL SEAL SEAL

# SPACE FOR ROUGH WORK

www.globlegujarat.in

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.